
# દેશની સલામતી સરકાર માટે સર્વોચ્ચ છે

નવીદિલ્હી,તા.૧૦

અલગતાવાદી નેતા મસરત આલમને લઈને વિવાદ અકબંધ રહ્યો છે. ભાજપ અને પીડીપી હવે આમને સામને આવી ગયા છે. ભારે વિવાદ વચ્ચે આજે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારતની સુરક્ષા ભાજપ માટેની પ્રાથમિકતા છે. પીડીપી સાથે ગઠબંધન વધારે મહત્વ રાખતું નથી. પત્રકારો સાથે વાતચીત કરતા સિંહે પુનરોચ્ચાર કર્યો હતો કે, મસરત આલમની મુક્તિના સંદર્ભમાં જમ્મુ કાશ્મીર સરકારના અહેવાલથી તેઓ સંતુષ્ટ નથી. સરકાર રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈપણ કિંમતે બાંધછોડ કરશે નહીં. અમારા માટે કોઈપણ સરકાર અથવા ગઠબંધન વધારે મહત્વપૂર્ણ નથી. અમારી પ્રાથમિકતા દેશ છે અને તેની સુરક્ષા સર્વોપરી છે. અમારા ઈરાદા પહેલાથી જ આવા રહેલા છે. તેમણે કહ્યું હતું કે, તેઓ માત્ર એક જ નિવેદન આ મુદ્દા ઉપર કરશે જે



ગઈકાલે સંસદમાં કહી ચુક્યા છે. અમારા માટે સરકાર પ્રાથમિકતા નથી પરંતુ દેશ સર્વોચ્ચ પ્રાથમિકતામાં છે. ગાઝિયાબાદમાં સેન્ટ્રલ સિક્યોરિટી ફોર્સ સીઆઈએસએફના સ્થાપના દિવસના પ્રસંગે રાજનાથે આ મુજબની વાત કરી હતી. સિંહે ભારપૂર્વક કહ્યું હતું કે, આ વિષય ઉપર તેમના મંત્રાલયને જમ્મુ કાશ્મીર સરકાર દ્વારા જે અહેવાલ મોકલવામાં આવ્યો છે તેનાથી તેઓ સંતુષ્ટ નથી. આનાથી વિશેષ કોઈ વાત કરશે નહીં. વધારે માહિતી અને સ્પષ્ટતા સરકાર પાસેથી માંગવામાં આવી છે. વધુ માહિતી મળ્યા બાદ ટિપ્પણી કરાશે. આ વિષય ઉપર મુફતીએ તેમની સાથે વાત કરી હતી તેવા અહેવાલ પાયાવગરના છે.

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી સાથે ત્રણ વર્ષથી તેઓએ ક્યારેય વાત કરી નથી. શપથવિધિ પહેલા અથવા તો બાદમાં કોઈ વાત કરવામાં આવી નથી. મુફતી મોહમ્મદે સિંહને ફોન કરીને ખાતરી આપી હતી કે, કોર્ટના આદેશ મુજબ ભવિષ્યમાં રાજકીય કેદીઓને છોડવામાં આવશે તેવા અહેવાલ વચ્ચે સિંહે આ નિવેદન કર્યું છે. બીજી બાજુ પીડીપીએ ભાજપને ખાતરી આપી છે કે, ભાજપ સાથે વાત કર્યા વગર કોઈને છોડવામાં આવશે નહીં. ભાજપે આલમને ફરી પકડી પાડવા પીડીપીને કહ્યું છે. બીજી બાજુ પીડીપીનું કહેવું છે કે, તમામ મુદ્દા પર ભાજપ સાથે વાત ચોક્કસપણે કરાશે. દરમિયાનમાં નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું છે કે, ૧૦૦૦૦ કેદીઓને છોડવામાં આવશે તેવા અહેવાલ આધાર વગરના છે. આલમને છોડવામાં આવ્યા બાદ અને લઈને હોબાળો મચેલો છે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમ કહીને વિરોધને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો કે તેમની સરકાર સાથે આ નિર્ણય ઉપર વાત કરવામાં આવી ન હતી.

## મસરતની મુક્તિના મામલે સંસદમાં હોબાળો

નવીદિલ્હી, તા. ૧૦

સંસદમાં આજે પણ કટ્ટરપંથી મસરત આલમની મુક્તિને લઇને હોબાળો રહ્યો હતો. વિરોધ પક્ષોએ સરકારને ભીંસમાં લેવાના પ્રયાસો કર્યા હતા. જમ્મુ કાશ્મીર સરકાર વધુ ૮૦૦ અલગતાવાદીઓને છોડી મુકવાની યોજના બનાવી રહી છે તેવા અહેવાલને લઇને વિરોધ પક્ષોએ હોબાળો મચાવ્યો હતો. સાથે સાથે આ મુદ્દે સરકાર પાસેથી સ્પષ્ટીકરણની માંગ પણ કરી હતી. રાજ્યના રાજ્યપાલે કેન્દ્રને તેમના અહેવાલમાં આ અંગેનો ઉલ્લેખ કર્યો છે કે કેમ તે અંગે જવાબની માંગ કરવામાં આવી હતી. ૮૦૦ વધુ અલગતાવાદીઓને છોડી મુકવાના સરકારના કહેવાતી હિલચાલને લઇને મોદી સરકાર ઉપર પ્રહારો કરવામાં આવ્યા હતા. રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલ અને અન્યોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને જવાબમાં જેટલીએ કહ્યું હતું કે, સરકાર નોટિસમાં લાવવામાં આવેલા કોઇપણ કેસનો જવાબ આપવા માટે તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગૃહમંત્રી રાજનાથસિંહ આ અંગે જવાબ આપી ચુક્યા છે. ૧૦૦૦૦ કેદીઓને છોડી મુકવામાં આવનાર છે તેવા કહેવાતા નિવેદનો સામે વાંધો ઉઠાવતા જેટલીએ કહ્યું હતું કે, ૧૦૦૦૦ રાજકીય કેદીઓની વાત બિલકુલ આધાર વગરની છે. જવાબદારી વગરના નિવેદન અહેવાલમાં આવ્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહે આજે વેબસાઇડ ટ્વિટર મારફતે મોદી સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. હજુ આ વિવાદ અકબંધ રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# સેંસેક્સ ઘટીને ૨૮૭૧૦ની નીચી સપાટીએ

મુંબઈ,તા.૧૦

બેંચમાર્ક ઈન્ડેક્સમાં આજે સતત બીજા દિવસે ઘટાડો રહ્યો હતો. ફાયનાન્સિયલ, કેપિટલ ગુડ્ઝ અને ઓઈલ શેરમાં તીવ્ર વેચવાલીના દબાણ વચ્ચે સેંસેક્સમાં કડાકો બોલાઈ ગયો હતો. જો કે, ભારતી એરટેલ અને ઓટોના શેરમાં લેવાલી રહેતા સેંસેક્સમાં મર્યાદિત ઘટાડો જોવા મળ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૧૩૫ પોઇન્ટ ઘટીને ૨૮૭૧૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફટી ૪૫ પોઈન્ટ ઘટીને ૮૭૧૨ની સપાટીએ રહ્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, ઘણા બધા વૈશ્વિક પરિબળોની અસર જોવા મળી રહી છે. બ્રોડરમાર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં૦.૩-૦.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૬૦૦ શેરમાં મંદી રહી હતી જ્યારે ૧૨૪૬ શેરમાં તેજી રહી હતી. રિઝર્વ બેંકે હાલમાં જ વ્યાજદરમાં ફરીવાર ઘટાડો કર્યો છે. વ્યાજદરમાં ઘટાડાના હજુ પણ સંકેત દેખાઈ રહ્યા છે. અર્થશાસ્ત્રીઓના સર્વેમાં દાવો કરાયો છે કે, ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં વાર્ષિક ગ્રોથનો આંકડો જાન્યુઆરી મહિનામાં ૦.૬૫ ટકા રહ્યો છે જે ડિસેમ્બરમાં ૧.૭૦ ટકા હતો. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ગઈકાલે ૮૩૮.૩૦ કરોડની કિંમતના શેર ખરીદી લીધા હતા. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ગઈકાલે ૩૫.૩૧ કરોડના શેર વેચી માર્યા હતા. એશિયન બજારમાં આજે મંદી રહી હતી. જાપાનના નિક્કીમાં ઉથલપાથલના કારોબાર વચ્ચે બે સપ્તાહની નીચી સપાટી જોવા મળી હતી. નિક્કી ૦.૭ ટકા ઘટી ૧૮૬૬૫ની સપાટીએ રહ્યો હતો જે ૨૫મી ફેબ્રુઆરી બાદથી સૌથી નીચી સપાટી છે. રિયાલીટી ઈન્ડેક્સમાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે બેંક, કેપિટલ ગુડ્ઝ, એફએમસીજી, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગેસ, પાવર અને રિયાલીટી જેવા કાઉન્ટરોમાં ૦.૨-૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. બીજી બાજુ કન્ઝ્યુમર ડ્યુરેબલ, મેટલ, ઓટો સેક્ટરમાં ૦.૪-૧ ટકા વચ્ચેનો સુધારો થયો એચડીએફસી, એચયુએલ, સન ફાર્મા, તાતા સ્ટીલ, તાતા પાવર, એનટીપીસીનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં વચ્ચે પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો હતો. કારોબારીઓ નિરાશ દેખાયા હતા. ગઈકાલે અમેરિકામાં રોજગારીના હતો. આજે કારોબાર દરમિયાન જે શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો તેમાં ગઈકાલે પણ શ્રેણીબદ્ધ વૈશ્વિક પરિબળો અને સ્થાનિક પરિબળો આંકડામાં સુધારો થયા બાદ અમેરિકામાં બેંક દ્વારા વ્યાજદરમાં અપેક્ષા કરતાં વધુ ઝડપથી વધારો કરવામાં આવે તેવા અહેવાલ વચ્ચે તેની માઠી અસર બજાર પર થઈ હતી. તીવ્ર વેચવાલી વચ્ચે ગઈકાલે સેંસેક્સ ૬૦૪ પોઈન્ટ ઘટીને ૨૮૮૪૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફટી ૧૮૧ પોઈન્ટ ઘટીને ૮૭૫૭ની સપાટીએ રહ્યો હતો. બેંક નિફટી ૬૦૨ પોઈન્ટ ઘટીને ૧૯૧૪૬ની સપાટીએ રહ્યો હતો. બે મુખ્ય પરિબળો ગઈકાલના કડાકા માટે જવાબદાર રહ્યા હતા. ભારતીય રૂપિયામાં પણ તીવ્ર મંદી રહી હતી. બોન્ડ કારોબારમાં પણ અફડાતફડી જોવા મળી હતી. ઈન્ફોર્મેશન ટેકનોલોજીના શેરમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. ટીસીએસ તરફથી નવી માર્ગદર્શિકાને લઈ ચર્ચા રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારના દિવસે ૮૦ કરોડની કિંમતના ઈક્વીટીમાં ખરીદી કરી હતી. એશિયન બજારમાં પણ તીવ્ર મંદી રહી હતી.

## યુરો અને યેન સામે ડોલર ૧૨ વર્ષની ઉંચી સપાટીએ

સિડની,તા. ૧૦

અમેરિકી ડોલર યુરો અને યેન સામે ૧૨ વર્ષની ઉંચી સપાટી ઉપર પહોંચી જતાં આને લઈને ભારે અફડાતફડી અને ચર્ચા રહી છે. અમેરિકી ફેડરલ રિઝર્વ આ વર્ષના મધ્ય સુધી વ્યાજદરમાં વધારો કરી શકે છે તેવી આશા મજબૂત બની ગઈ છે. જેથી અમેરિકી ડોલર યુરો અને યેન સામે ૧૨ વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યો છે. જેથી ઉભરતા બજારમાંથી શેર અને કરન્સી પર અસર થઈ છે. એશિયાથી લઈને યુરોપ સુધીના બજારમાં અફડાતફડી રહી છે. યુરોપિયન સેન્ટ્રલ બેંક દ્વારા બોન્ડની ખરીદીમાં રસ દર્શાવવામાં આવ્યો છે જેથી બજારમાં હવે તેને લઈને પણ ચર્ચા છે. એવી અટકળો પણ છે કે, અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરવાની શરૂઆત કરશે. કારણ કે શુક્રવારના દિવસે અમેરિકામાં રોજગારી અંગેના આંકડા જારી કરાયા હતા. રોજગારીમાં વધારો થયો છે. યુરોપમાં યુરોમાં વેચવાલી જોવા મળી હતી. ડોલરમાં એશિયામાં પણ તેજી રહી હતી. ૨૦૦૭ બાદથી સૌથી ઉંચી સપાટી જોવા મળી રહી છે. ફેડના રેટને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો છે. એશિયા અને અન્ય દેશો ઉપર પણ ડોલરની અસર દેખાઈ રહી છે. પૂર્વીય યુરોપમાં પણ આજે વેચવાલી રહી હતી. કરન્સીમાં ઉથલપાથલનો દોર રહ્યો છે. ચીનમાં આંકડા દર્શાવે છે કે, કન્ઝ્યુમર પ્રાઈઝમાં ગયા વર્ષે આજ મહિનાની સરખામણીમાં ફેબ્રુઆરીમાં કન્ઝ્યુમર પ્રાઈઝ ૧.૪ ટકા વધી છે. શાંઘાઈ બજારમાં પણ ઉથલપાથલનો દોર જોવા મળ્યો હતો. અમેરિકી ડોલરની મજબૂતી સામે મોટાભાગની કોમોડિટીમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી.

**નવા ઈન્ફોગ્રાફિકમાં ધડાકો કરવામાં આવ્યો**

## ભારત કરતા પાકિસ્તાન પાસે વધારે પરમાણુ હથિયારો છે

વોશિંગ્ટન,તા.૧૦

પાકિસ્તાન પાસે આશરે ૧૨૦ પરમાણુ હથિયારો છે જ્યારે ભારત પાસે ૧૧૦ પરમાણુ હથિયારો રહેલા છે. એટોમિક સાઈનટિસ્ટના બુલેટીનમાં માહિતી આપવામાં આવી છે કે આ વર્ષે પાકિસ્તાનના શસ્ત્રાગારમાં



ભારત કરતા વધારે પરમાણુ હથિયારો છે. યુનિવર્સિટી ઓફ શિકાગો સાઈનટિસ્ટ દ્વારા વર્ષ ૧૯૪૫માં સ્થાપિત કરવામાં આવેલા બુલેટિન દ્વારા જે માહિતી આપવામાં આવી છે તે મુજબ પાકિસ્તાન પાસે ભારત કરતા વધારે ખતરનાક હથિયારો રહેલા છે. વર્ષ ૧૯૮૦ના દશકમાં ૬૫૦૦૦ જેટલા પરમાણુ હથિયારો હતા જેની સામે હવે હથિયારો દુનિયાના દેશો ઘટાડી રહ્યા છે અને સંખ્યા ૧૦૦૦૦ જેટલી રહી છે. પરંતુ કેટલાક દેશો હજુ આવા ઘાતક હતિયારો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. નવ પરમાણુ દેશોમાં પરમાણુ હથિયારો અને તેમના ઈતિહાસની નોંધ રાખવામાં આવી છે. ઈન્ફોગ્રાફિક નામથી જુદી જુદી માહિતી ધરાવનાર સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે કે અમેરિકા અને રશિયા પાસે આશરે ૫૦૦૦-૫૦૦૦ પરમાણુ હથિયારો છે. ફ્રાન્સ પાસે ૩૦૦, ચીન પાસે ૨૫૦, બ્રિટન પાસે ૨૨૫ અને ઈજરાયેલ પાસે ૮૦ પરમાણુ હથિયારો છે. ઉત્તર કોરિયા પાસે પણ આવા હથિયારો રહેલા છે. ઉત્તર કોરિયાએ વર્ષ ૨૦૦૬, ૨૦૦૯ અને ૨૦૧૩માં પરમાણુ પરીક્ષણ કર્યા હતા.

## એપ્રિલ-ફેબ્રુઆરીમાં રેલ્વેની આવકમાં ૧૩ ટકાનો વધારો

નવી દિલ્હી,તા. ૧૦

રેલવેમાં નવા પ્રાણ ફુંકવા અને તેને ફરી મજબુત કરવાના હેતુસર કેન્દ્રમાં મોદી સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા પગલાની અસર હવે દેખાઇ રહી છે. જેના કારણે એપ્રિલ-ફેબ્રુઆરીમાં રેલવેની આવકમાં ૧૩ ટકા સુધીનો જંગી વધારો થયો છે. ભારતીય રેલવેની આવક એક એપ્રિલ ૨૦૧૪થી ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૫ વચ્ચે ૧૪૨૩૫૮.૨૭ કરોડ રહી છે. જે વાર્ષિક આદાર પર વધી છે. રેલવેની આવકમાં ૧૨.૯૩ ટકાનો નોંધપાત્ર વધારો થઇ ગયો છે. મોદી સરકાર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. આ ગાળા દરમિયાન માલ સમાનને લઈ જવાથી થતી આવકનો આંકડો ૯૬૬૧૩.૧૯ કરોડ રહ્યો છે. જે એક વર્ષ પહેલાની સમાન અવધિમાં ૮૫૬૬૬.૬૫ કરોડ રૂપિયાની આવક કરતા ૧૨.૭૮ ટકા વધારે છે. રેલવે યાત્રી ભાડાથી થતી આવકમા પણ વધારો થયો છે. યાત્રી ભાડાથી થતી આવક૩૮૭૨૬.૭૪ કરોડ રૂપિયા રહી છે. જે એક વર્ષ અગાઉના આજ ગાળામાં રહેલી આવક ૩૩૭૫૫.૫૦ કરોડની આવક કરતા ૧૪.૭૩ ટકા વધારે છે. ટુંકમાં રેલવે યાત્રી ભાડા, માલ સમાનને લઈ જવા સાથે સંબંધિત આવક અને રેલવેની કુલ આવકમાં વધારો થયો છે. આ ગાળા દરમિયાન રેલ યાત્રીઓની સંખ્યા ૭૫૪.૬૪૯ કરોડ રહી છે. જે એક વર્ષ પહેલા આજ ગાળામાં યાત્રી સંખ્યા ૭૭૦.૯૬૨ કરોડ કરતા ૨.૧૨ ટકા ઓછી છે. ટુંકમાં યાત્રીઓ ચોક્કસપણ ઘટ્યા છે જેના તરફ ધ્યાન આપવાની જરૂર છે. કારણ કે હાલમાં રેલવે અને વિમાની સેવા તેમજ પરિવહન વચ્ચે જોરદાર સ્પર્ધા લોકોને આકર્ષિત કરવા માટે થઈ રહી છે.

# આયર્લેન્ડ પર ભારતની ૮ વિકેટે જીત : ભારત હવે શિખર ઉપર

હેમિલ્ટન,તા.૧૦

હેમિલ્ટનના સેડાન પાર્ક ખાતે આજે રમાયેલી આઈસીસી વર્લ્ડ કપની ગ્રુપ બીની મેચમાં ભારતે આયર્લેન્ડે પર એકતરફી મેચમાં આઠ વિકેટે જીત મેળવી હતી. ૭૯ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે જ ભારતે આ જીત મેળવી લીધી હતી. વર્તમાન વર્લ્ડ કપમાં કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમે સતત પાંચમી જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા આયર્લેન્ડે ૨૫૯ રન કર્યા હતા. જીતવા માટેના જરૂરી રન ભારતે ૩૬.૫ ઓવરમાં બે વિકેટ ગુમાવી બનાવી લીધા હતા. આજની મેચમાં મેન ઓફ ધ મેચ તરીકે શિખર ધવનની પંસદગી કરવામાં આવી હતી. ધવને ૮૫ બોલમાં ૧૧ ચોગ્ગા અને પાંચ છગ્ગાની સાથે ૧૦૦ રન કર્યા હતા. રોહિત શર્મા ૬૪ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે વિરાટ કોહલી ૪૪ અને રહાણે ૩૩ રન બનાવી નોટઆઉટ રહ્યા હતા.અગાઉ હેમિલ્ટન ખાતે આજે રમાયેલી આઈસીસી વર્લ્ડ કપની ગ્રુપ બીની એક મેચમાં ભારત સામે



આયર્લેન્ડની ટીમ ૨૫૯ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય બોલરોએ મેચમાં ફરી શાનદાર વાપસી કરી હતી. ભારત માટે શર્મા અને શમીએ બે બે વિકેટ ઝડપી હતી. ટોસ ગુમાવી દીધા બાદ પ્રથમ બેટિંગ કરતા આયર્લેન્ડે શાનદાર શરૂઆત કરી હતી. અન્ય તમામ ટીમો કરતા આયર્લેન્ડના ઓપનિંગ બેટ્સમેનો ભારતીય બોલરો સામે વધુ શાનદાર બેટિંગ કરવામાં સફળ રહ્યા હતા. એક વખતે આયર્લેન્ડે માત્ર ત્રણ વિકેટે ૨૦૬ રન કરી લીધા હતા અને લાગી રહ્યું હતું કે આ ટીમ ૩૦૦ સુધી સ્કોરને લઈ જવામાં સફળ રહેશે પરંતુ છેલ્લે જોરદારધબકડો થયો હતો. ભારતીય બોલરોએ જોરદાર વાપસી કરી હતી. આયર્લેન્ડે તેની છેલ્લી ૬ વિકેટ માત્ર ૫૩ રનમાં ગુમાવી હતી. જેથી તેનીઆશા પર પાણી ફેરવી દીધુ હતુ. આ અગાઉ પોર્ટરફિલ્ડ અને સ્ટર્લિંગે પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૧૫ ઓવરમાં ૮૯ રન કર્યા હતા. આ સ્કોરે સ્ટર્લિંગ સૌથી પહેલા ૪૨ રન કરી આઉટ થયો હતો. પોર્ટરફિલ્ડે ત્યારબાદ અડધી સદી કરી હતી. પોર્ટરફિલ્ડ ૬૭ રન કરીને મોહિત શર્માની બોલિંગમાં આઉટ થયો હતો. જ્યારે નીલે તેની અડધી સદી પુરી કરી હતી. જો કે ત્યારબાદ એક પછી એક વિકેટ આયર્લેન્ડે ઝડપથી ગુમાવી હતી.ભારતે વર્લ્ડ કપમાં શાનદાર દેખાવ જારી રહ્યો છે. તે ક્વાર્ટર ફાઈનલમાં પહેલાથી જ પહોંચી ચુક્યું છે. ભારતે તેની હજુ સુધીની તેની પાંચેય મેચો જીતી લીધી છે. જે પૈકી પ્રથમ મેચમાં ૧૫મી ફેબ્રુઆરીના દિવસે ભારતે તેના નજીકના હરિફ પાકિસ્તાન પર અને ૨૨મી ફેબ્રુઆરીના દિવસે દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવી હતી. ત્યારબાદ ચોથી માર્ચના દિવસે યુઈએ પર જીત મેળવી હતી. છેલ્લે ભારતે વિન્ડીઝ પર જીત મેળવી હતી. અને હવે આયર્લેન્ડ પર જીત મેળવી છે. ભારત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ચુક્યું છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે.વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાંઆવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. વર્તમાન વર્લ્ડ કપમાં ભારતના ફોર્મને જોતા તે વર્લ્ડ કપ ટ્રોફીને જાળવી શકે છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં એકસાઈઝ-સર્વિસ ટેક્ષના લક્ષ્યાંક પૂર્ણ થશે નહિં.
- ગુજરાતમાં ઉનાળાની શરૂઆત થતાં જ પાણીજન્ય રોગચાળો વકર્યો. ડેન્ગ્યુ-ટાઈફોઈડના કેસ વધવા લાગ્યા.
- ભચાઉ નગરપાલિકાના ૧૭ સભ્યોને પક્ષાંતરધારા હેઠળ ગેરલાયક ઠેરવતો ઐતિહાસિક ચુકાદો.
- સુરતમાં કાપડ ઉધોગમાં એક સપ્તાહમાં ત્રણ વેપારીઓનું ઉઠમણું. વેપારી આલમ ચિંતામાં.
- ગુજરાતમાં મનરેગામાં ૨૦૦ કરોડનું કૌભાંડ થયાનું ચર્ચામાં.
- અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં ભર બપોરે ૧૫ લાખની સનસનાટી ભરી લુંટ.
- નવસારીમાં સ્વાઈન ફ્લુના સર્ટીફીકેટ મેળવવા રૂ. ૫૦૦ની ફીની વસુલાત થાય છે.
- પોરબંદરના લલિતાબેન ખુદાઈ જીવનનિર્વાહ માટે ૬૨ વર્ષની ઉંમરે પણ દરરોજ ૧૨ કિલોમીટર દોડે છે.
- ભાવનગરમાં જૈન દંપતી ભર યુવાનીમાં સજોડે દીક્ષા લેશે.
- મતદાર યાદીમાં બે સ્થળે નામ હશે તો સીધી ફોજદારી થશે - ચૂંટણી પંચ.
- હવે વાઈફાઈ ઝોનમાં નેટવર્ક વિના પણ વાત કરી શકાશે.
- લાંબો સમય બેસી રહેવાથી હૃદયરોગનું જોખમ વધે છે.
- પીપાવાવ સંરક્ષણ સાધનોનું મોટું ઉત્પાદક બનશે : શ્રી અનિલ અંબાણી.

## ભટ્ટી હત્યા કેસ : યાદવને અંતે આજીવન કારાવાસ

દહેરાદુન,તા. ૧૦

ખાસ સીબીઆઈ કોર્ટે મહેન્દ્રસિંહ ભટ્ટીની ૧૯૯૨માં કરવામાં આવેલી હત્યાના સંબંધમાં ઉત્તર પ્રદેશમાં વિવાદાસ્પદ રાજકારણી અને પૂર્વ સાંસદ ડીપી યાદવને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. કોર્ટે આજે આજીવન કારાવાસની સજા ફટકારતા કોર્ટમાં સોપો પડી ગયો હતો. ડીપી યાદવ, પાલસિંહ, કરણ યાદવ અને પ્રણિત ભટ્ટીને આ કેસમાં ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૦૨ (હત્યા), ૩૦૭ (હત્યાના પ્રયાસ), ૧૨૦બી (ફોજદારી કાવતરા) દોષિત ઠેરવવામાં આવ્યા હતા. એકંદરે સાત લોકો સામે આ કેસમાં ચાર્જશીટ દાખલ કરાઈ હતી જે પૈકીના ત્રણનું લાંબી ટ્રાયલ દરમિયાન મોત થયું હતું. આ કેસ ૨૦૦૦માં સીબીઆઈને ટ્રાન્સફર કરાયો હતો. ઉત્તરપ્રદેશના વિવાદાસ્પદ રાજકારણી અને ભૂતપૂર્વ સાંસદ ડીપી યાદવે ગઈકાલે શરણાગતિ સ્વિકારી લીધી હતી.વર્ષ ૧૯૯૨ના મહેન્દ્રસિંહ ભટ્ટી હત્યા કેસમાં ડીપી યાદવને અપરાધિ ઠેરાવવામાં આવ્યા હતા. ભટ્ટીને જ્યુડીશીયલ કસ્ટડીમાં મુકી દેવામાં આવ્યો હતો. કોર્ટે પહેલી માર્ચના દિવસે તેમને અપરાધી ઠેરવ્યા હતા. યાદવ ઉપરાંત પાલસિંહ, કરણ યાદવ અને પ્રણીત ભટ્ટીને પણ આઈપીસીની જુદી-જુદી કલમ હેઠળ આ કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા હતા. સીબીઆઈ કોર્ટે પહેલી માર્ચના દિવસે યાદવ સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યા હતા. પરંતુ તબીબી આધાર ઉપર તેઓ કોર્ટમાં ઉપસ્થિત થયા હતા. અન્ય ત્રણ આરોપીઓ પણ કોર્ટમાં હાજર થયા હતા. જ્યુડીશીયલ જાહેરાત બાદ તેમને જેલમાં મોકલી દેવાયા હતા. પાંચમી માર્ચના દિવસે સીબીઆઈએ ગાઝીયાબાદમાં યાદવના નિવાસ સ્થાને દરોડા પાડ્યા હતા. પરંતુ તેમની કોઈ ભાળ મળી નહતી.

## ગાંધીજી બ્રિટિશ એજન્ટ હોવાનો કાત્જુનું નિવેદન

નવી દિલ્હી, તા. ૧૦


વિવાદ છેડે તેવા એક ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ માર્કંડે કાત્જુએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને બ્રિટિશ એજન્ટ તરીકે ગણાવીને નવો વિવાદ છેડી દીધો છે. પોતાના બ્લોગમાં કાત્જુએ કહ્યું છે કે, ભારતને ભારે નુકસાન થયુંહતું. તેમના બ્લોગમાં લખાયેલા નિવેદનથી ભારે વિવાદ છેડાઈ શકે છે. આનો વિરોધ શરૂ થઈ ગયો છે. આ કહેવા માટે ઘણા કારણો રહેલા છે. ભારત ઘણા બધા ધર્મ, જાતિ, ભાષા સાથે સંબંધિત છે. બ્રિટિશ પોલિસી ભાગલા પાડો અને શાસન કરોની હતી. આ નીતિ ખુબ જ ખતરનાક હતી. રાજનીતિમાં ધર્મને ઘણી વખત સામેલ કરીને વિવાદો છેડાયા છે. ગાંધીએ પણ બ્રિટિશ પોલિસીને લાવી હતી. જો અમે ગાંધીના જાહેર ભાષણો અને તેમના પુસ્તકોને વાંચીએ છીએ તો કેટલીક બાબતો જાણી શકાય છે.

## શ્યાઓમી રેડમી-૨ ૧૨મી માર્ચના દિવસે લોંચ કરાશે

નવી દિલ્હી,તા. ૧૦

શ્યાઓમી રેડમી-૨ સ્માર્ટફોન હવે ૧૨મી માર્ચના દિવસે લોંચ કરવામાં આવનાર છે. લોકો આ સ્માર્ટફોનને લઈને છેલ્લા કેટલાક સમયથી રાહ જોઈ રહ્યા હતા. આ ફોન હવે ટુંક સમમાં જ લોકોના હાથમાં આવી જશે. શ્યાઓમી ઈન્ડિયા ગુરૂવારના દિવસે અટલે કે ૧૨મી માર્ચના દિવસે તેને લોંચ કરી શકે છે. કંપનીએ પોતાની સત્તાવાર વેબસાઈટ પર નવી સ્પર્ધા શરૂ કરી છે. તેના પર કંપનીએ કહ્યું છે કે તે ૧૨મી માર્ચના દિવસે એક નવી પ્રોડક્સ લોંચ કરનાર છે. ચીની કંપની દ્વારા ફેસબુક અને ટ્વીટર પર પણ તેના પ્રચારના લીધે ઉત્સુકતા વધી હતી. એવી સ્થિતીમાં ચર્ચા છે કે હવે ૧૨મી માર્ચના દિવસે લોંચ થઈ રહેલી પ્રોડક્સ અન્ય કોઈ નહી બલ્કે રેડમી-૨ છે.

રેડમી-૨ની ચર્ચા વધારે રહેવા માટે અન્ય કેટલાક કારણો પણ છે.




કારણ કે ફ્લિપકાર્ટે શ્યાઓમી રેડમી-૧ એસનુ વેચાણ બંધ કરવાની જાહેરાત કરી દીધી છે. આ ઉપરાંત કંપનીના વર્તમાન સ્માર્ટફોન રેડમીનોટ ૪જી અને મી-૪ ૧૬ જીબી તેમજ ૬૪ જીબી ઈન્ટરનલ સ્ટોરેજ સાથે આવી રહ્યા છે. જેથી કંપની પોતાના બજેટ ફોન રેડમી ૧ એસને રેડમી-૨ લાવીને બદલી નાંખવાની યોજના ધરાવે છે. એટલુ જ નહી બલ્કે કંપનીની પજલ સ્પર્ધામાં પણ ક્વીક ચાર્જ, ઈબુક્સ અને અન્ય શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેથી લોકો માની રહ્યા છે કે આ પ્રોડક્સ રેડમી-૨ હોઈ શકે છે. શ્યાઓમી રેડમી-૨ આ વર્ષે જાન્યુઆરીમાં ચીનમાં લોંચ કરવામાં આવ્યા બાદ તેની માંગ રહી હતી. ત્યાં તેની કિંમત ભારતીય નાણામાં આશરે ૭૧૦૦ રૂપિયા હતી. જો કે કંપનીએ ચીન બહાર તેની વેચાણ કિંમતની હજુ સુધી કોઈ જાહેરાત કરી નથી. જેથી અટકળો છે. ફોનમાં ૪.૭ ઈન્ચના ડિસ્પ્લે છે. તે એન્ડ્રોઈડ ૪.૪ પર છે. તેમાં બે કેમેરા પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ફોનને સારો પ્રતિસાદ મળે તેમ માનવામાં આવે છે.